અપીલ અરજી નં.૩૩૧ તા.૬–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી બચુભાઈ અંબેલાલ મોદી
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી બચુભાઈ અંબેલાલ મોદીની તા.૨–૧૨–૦૯ ની અરજીથી મોજેગામ અડાજણ તા.ચોર્યાસી જી.સુરતમાં આવેલ રે.સર્વે નં.૧૪૦ ટી.પી.સ્કીમ નં.૧૩ ફા.પ્લોટ નં.૯ હનીપાર્ક અડાજણ મુકામે આવેલ ઓમ સ્વામીનારાયણ નગર કો.ઓ.હા.સો.લી.માં આવેલ બીલ્ડીંગ કે જે અખંડઆનંદ કોમ્પ્લેક્ષમાં વિભાગ 'એ' અને વિભાગ'ડી' માંઆવેલ ફલેટ દુકાનો તથા ઓફીસો સંસ્થા તરફે સદર મિલ્કતમાં વસવાટ માટેની બી.યુ.સી. આપવામાં આવેલ છે કે કેમ? તેમજ ઉપરોકત મિલકતમાં જે ફલેટ,દુકાન,ઓફીસની આકારણી કરવામાં આવેલ છે કે કેમ? તેમજ વેરા પણ લેવામાં આવેલ છે કે કેમ? વિગેરે માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૬–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૧/૨૦૦૯–૧૦

શ્રી બચુભાઈ અંબેલાલ મોદીની તા.૨–૧૨–૦૯ ની અરજીથી મોજે ગામ અડાજણ તા.ચોર્યાસી જી.સુરતમાં આવેલ રે.સર્વે નં.૧૪૦ ટી.પી.સ્કીમ નં.૧૩ ફા.પ્લોટ નં.૯ હનીપાર્ક અડાજણ મુકામે આવેલ ઓમ સ્વામીનારાયણ નગર કો.ઓ.હા.સો.લી.માં આવેલ બીલ્ડીંગ કે જે અખંડઆનંદ કોમ્પ્લેક્ષમાં વિભાગ 'એ' અને વિભાગ'ડી' માંઆવેલ ફલેટ દુકાનો તથા ઓફીસો સંસ્થા તરફે સદર મિલ્કતમાં વસવાટ માટેની બી.યુ.સી. આપવામાં આવેલ છે કે કેમ? તેમજ ઉપરોકત મિલકતમાં જે ફલેટ ,દુકાન,ઓફીસની આકારણી કરવામાં આવેલ છે કે કેમ? તેમજ વેરા પણ લેવામાં આવેલ છે કે કેમ? વિગેરે માહિતી આપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/૫૩૯ તા.૨૪–૧૨–૦૯ તથાપત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ ૫૪૮ તા.૩૧–૧૨–૦૯ થી આપેલ માહિતી માંગેલ માહિતી કરતા ભળતી આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૫૯ તા.૧૩–૧–૧૦ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજી બાબતે જાહેર માહિતી અધિકારી ધ્વારા નિર્દિષ્ટ લોકેશનની માહિતી આપેલ છે તે ભળતી માહિતી હોવાનો દાવો કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા તેમના તા.૨૪–૧૨–૦૯ તથા તા.૩૧–૧૨–૦૯ ના પત્રોથી આપેલી માહિતી ધ્યાને લેતાં "સ્વામીનારાયણ" નામની છે. બીયુસીની નકલમાં પણ તેનો ઉલ્લેખ છે. જયારે અરજદારે" ઓમ સ્વામીનારાયણ" ની માહિતી માંગેલ છે. આમ અરજદારે ખોટી અને ભળતી માહિતી આપ્યાના દાવાને લક્ષમાં લેતાં નિર્દિષ્ટ એક જ સ્થળે " ઓમ સ્વામીનારાયણ" સોસા. પણ હોવા અંગેના કોઈ આધાર હોય તો તે રજૂ કરવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૨૫–૧–૧૦ ના પત્રમાં તેઓએ ઓમ સ્વામીનારાયણ નગર " ની જ અધૂરી માહિતી આપી છે તેવી રજૂઆત કરેલ છે અને સ્વામીનારાયણની માહિતીની માંગણી કરી નથી તેવું જણાવેલ છે. જેની સાથે ઓમ સ્વામીનારાયણ સોસા.ના શેર સર્ટીફીકેટ અને પ્રમાણપત્ર તથા ૭ અને ૧૨ ની ઉતારાની નકલ જિલ્લા રજીસ્ટર ના પત્રની નકલ, હક પત્રની નકલ,રજૂ કરેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૬૪૭ તા.૨૯–૧–૧૦ થી અત્રેના વિભાગને વસવાટ પરવાનગીના પત્ર નં.ટીડીઓ/૧૧૩૧ તા.૧૧–૮–૦૪, ૧૩૮૫ તા.૧૪–૯–૦૪, ૧૭૪૭ તા.૨૧–૧૦–૦૪, ૧૧૩૦ તા.૧૧–૮–૦૪ ના પત્રોની નકલ તથા વેસ્ટઝોન/ આરટીઆઈ સેલ/આ.નં.૬૭૧ તા.૪–૨–૧૦ ના પત્રની નકલ પૂરક વિગતોમાં રજૂ કરેલ છે.

અરજદારની તા.૨–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને કરવામાં આવેલી અરજી અંગે (૧) અડાજણ ટીપી સ્કીમ નં.૧૩ રે.સ નં.૧૪૦ હનીપાર્ક રોડ ઉપર આવેલ ઓમ સ્વામીનારાયણનગર કો.ઓ.હા.સો.લિ. માં આવેલ બિલ્ડીંગ અખંડ આનંદ કોમ્પ. માં વિ–એ અને ડી ની મિલ્કતોના જે ફલેટ દુકાનો ઓફિસો ની આકારણી કરવામાં આવી છે કે કેમ? અને તેના વેરા લેવામાં આવે છે કે કેમ? કયારથી આકારણી દાખલ કરી અને કયારથી વેરાઓ લેવામાં આવે છે તેની માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે વેસ્ટઝોન/આરટીઆઈ સેલ/આ.નં.૫૩૯ તા.૨૪–૧૨–૦૯ થી સ્વામીનારાયણ કો. ઓ. હા.સોસામાં આવેલ અખંડ આનંદ કોમ્પ. માં આવેલ એ બિલ્ડીંગના ફલેટ દુકાનો અને ઓફિસોની આકારણી સર્વેયરના રીપોર્ટ અનુસાર તા.૧–૮–૦૮ થી આકારણી દફતરે દાખલ છે. તથા ડી બિલ્ડીંગની આકારણી દાખલ કરવા અંગેની કાર્યવાહી ચાલુ છે જેના ઉપલબ્ધ પુરાવાની નકલ પાનાદીઠ રૂા.૨/– ની ફી ભર્યેથી મળી શકશે તેવો પ્રત્યુત્તર પાઠવેલ. અરજદારે તે ફી ભરીને તે મેળવેલ પણ જણાય છે. વધુમાં અપીલ તબકકે જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૭૧ તા.૪–૨–૧૦ થી આપેલ પૂરક વિગતોમાં એ પણ જણાવેલ છે કે અરજદારને અગાઉ તા.૨૪–૧૨–૦૯ ના રોજ આપેલ માહિતી ઓમ સ્વામીનારાયણને લગતી જ આપેલ છે પરંતુ શરતચૂકથી " સ્વામીનારાયણ" લખાયેલ છે. વધુમાં પૂરક વિગતોમાં જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે કે ટેના નં.૧૭બી–૭૨–૨૩૨૫–૦–૦૦૧થી ૧૭બી–૭૨–૨૩૮૧–૦–૦૦૧ સુધી તથા ૧૭બી– ૭૨–૨૪૨૫–૦–૦૦૧ થી ૧૭બી–૭૨–૨૫૫૫–૦–૦૦૧ સુધી દાખલ કરવામાં આવેલ છે જેના પર વેરો પણ લેવામાં આવે છે. મુદ્દા નં.૨ સુરત શહેરના હદમાં ગામ અડાજણ ફા.પ્લોટ નં.૯ હનીપાર્ક સુરત મુકામે આવેલ ઓમ સ્વામીનારાયણનગર કો. ઓ. હા.સો. લિ. માં આવેલ કે બિલ્ડીંગ જે અખંડ આનંદ કોમ્પ. માં વિભાગ–એ અને ડી માં આવેલ ફલેટ દુકાનો ઓફિસો ની મહાનગરપાલિકા ધ્વારા મિલ્કત વસવાટ માટે બીયુસી આપવામાં આવેલ છે કે કેમ? કયારથી સદરહુ મિલ્કતનું બીયુસી આપવામાં આવેલ છે તેવી માહિતી માંગવામાં આવેલ. જે બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી વેસ્ટઝોન/આરટીઆઈસેલ/આ.નં.૫૪૮ તા.૩૧–૧૨–૦૯ થી ટીપી સ્કીમ નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૯ ના પ્લાન ટીડીઓ/૩૬૦ તા.૧–૩–૦૪ થી મંજુર કરવામાં આવેલ છે. જેમાં ટીપી રોડ તરફે સ્ટોલ નં.૧ થી ૪ ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમમાળે સ્ટોલના વસવાટની પરવાનગી ટીડીઓ/નં.૧૩૮૫ તા.૧૪–૯–૦૪ થી આપવામાં આવેલ છે જેની નકલના રૂા. ૨ /– લેખે કચેરીએ ભર્યેથી મળી શકશે. તેમજ ટીપી નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૯ પૈકી સબ પ્લોટ નં.૧ યુનીટ નં.૧૮ થી ૨૫ વાળી મિલ્કત વસવાટ પરવાનગી નં.ટીડીઓ નં.૩૧ તા.૧૧–૮–૦૪ થી આપવામાં આવેલ છે. જેની નકલ રૂા. ૨/– કચેરીએ ભર્યેથી મળી શકશે. તેમજ

ટીપી નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૯ પૈકી વાળી મિલ્કત યુનીટ નં.૧૭ વસવાટની પરવાનગી ટીડીઓ નં.૧૭૪૭ તા.૨૧–૧૦–૦૪ થી આપવામાં આવેલ છે જેની નકલ રૂા.૨/– કચેરીએ ભર્યેથી મળી શકશે. તેમજ ટીપી નં.૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૯ યુનીટ નં.૧ થી ૧૦ વાળી મિલ્કતના વસવાટ પરવાનગી ટીડીઓ નં.૧૧૩૦ તા.૧૧–૮–૦૪ થી આપવામાં અવોલ છે જેની નકલરૂા. ૨/– કચેરીએ ભર્યેથી મળી શકશે તેવું જણાવવામાં આવેલ છે. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે જે અરજદારે રસીદ નં.૨૩૦૧૩૭ તા.૩૧–૧૨–૦૯ થી રૂા.૮/– ભરપાઈ કરી મેળવેલ જણાય છે. જે બાબતે અરજદારે તા.૬–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરી મુદ્દા નં.૧. જરૂરી માહિતી પૂરી પાડી નથી અને ભળતી માહિતી પૂરી પાડી છે. તેવું જણાવેલ છે. સમર્થનમાં અરજદારે ઓમ સ્વામીનારાયણ સોસા.ના તેમના બે શેર સર્ટી. વિગેરેની નકલ રજૂ કરેલ છે. મુદ્દા નં.૨. વિવાદાસ્પદ મિલ્કતની બીયુસીની કોઈ નકલ આપેલ નથી. ફલેટ દુકાન અને ઓફિસ દીઠ આકારણીની માહિતી આપેલ નથી. જે બાબતે અરજદારે મુળ અરજીથી અપીલ તબકકે અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. મુદ્દા નં.૩. અરજીવાળી મિલ્કતની બીયુસી કઈ તારીખે આપવામાં આવેલ તેનો કોઈ સ્પષ્ટ ઉલ્લેખ જણાવેલ નથી કે તેની નકલો પણ આપી નથી ઓમ સ્વામીનારાયણનગર સોસા.જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી માંગેલ ટીપી ૧૩ (અડાજણ) ફા.પ્લોટ નં.૯ અંગે વસવાટ બાબતેના પત્ર નં.ટીડીઓ/૧૧૩૦ તા.૧૧–૮–૦૪ ૧૭૪૭ તા.૨૧–૧ ૦–૦૪, ૧૧૩૧ તા.૧૧–૮–૦૪ અને ૧૩૮૫ તા.૧૪–૯–૦૪ બાંધકામની પરવાનગી અને બાંધકામ પુરું કર્યાની તારીખ સહિતની માહિતી પૂરી પાડેલ જણાય છે જેની નકલ અરજદારે અપીલ અરજીમાં રજૂ કરેલ છે. જેમાં બાંધકામ પુરું કર્યાની તારીખ જણાવેલ છે. મુદ્દા નં.૪. મિલ્કતની આકારણી કરેલ દુકાન ઓફિસ કે ફલેટના વેરા અંગેની વ્યાજ કે દંડકીય વ્યાજ અંગે ચુપકીદી સેવી છે. ઓમ સ્વામીનારાયણ નો નંબર જણાતો નથી કે તારીખ જણાતી નથી. તેમજ પરવાનગી આપી છે કે કેમ? તે અંગે પણ નવી પરવાનગી પણ આપવામાં આવી છે કે કેમ? તે બાબતમાં પણ ચુપકીદી સેવી છે. સદર મિલ્કતમાં બાંધકામ કઈ તારીખે પુરું થયું તે જણાવેલ નથી. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ સ્વામીનારાયણ ની જગ્યાએ ઓમ સ્વામીનારાયણ વાંચવું તથા રસીદ નં.૨૩૦૧૮૧ તા.૨–૧ –૧૦ થી રૂા. ૨/– ફી લઈ સર્વેયરના રીપોર્ટની મુળ કોપી આપવામાં આવેલ છે તેમાં પણ ઓમ સ્વામીનારાયણ નામનો ઉલ્લેખ છે.વધુમાં આ બાબતની અલાયદી જાણ અરજદારને કરેલ હોવાનું જાહેર માહિતી અધિકારીએ પૂરક વિગતોમાં જણાવેલ છે. બાંધકામ પુરું થયા અંગે બીયુસીના પરવાનગીના પત્રોમાં જણાવવામાં આવેલ છે. મુદ્દૃ નં.૫. માંગેલ માહિતીમાં રેન્ડમ ચેકીંગમાં મૌન સેવ્યું છે. અરજી મુજબ માંગેલ માહિતી પૂરી પાડી નથી. અને સામાવાળાએ કાયદાના ભંગ અંગે પગલા ભરવા તથા વિના મૂલ્યે માહિતી આપવા રજૂઆત કરેલ છે. જે બાબતે અરજીમાં વીજીલન્સ ધ્વારા રેન્ડમ ચેકીંગ કરવામાં આવે છે તેવા વાકયનો પ્રયોગ કરેલ છે તેમાં કોઈ માહિતી માંગેલ નથી. મુદા નં.૬ બીજી વધુ અને વધારાની દાદ અપાવવી મુનાસફ લાગે તે અપાવશો. મુદ્દા નં.૭ અપીલમાં ભળતી માહિતી આપવા બદલ તથા અપીલનો તમામ ખર્ચ સામાવાળા તરફથી અપાવશો. તેવી રજૂઆત કરવામાં આવેલ છે. જે બાબતે આરટીઆઈ એકટની કલમ–૧૯(૮) હેઠળ વળતર અંગેની સત્તા રાજય માહિતી આયોગને હોઈ અત્રેથી કોઈ આદેશ કરવાનો રહેતો નથી. વધુમાં જાહેર માહિતી અધિકારીએ તેમના પત્ર નં.૬૪૭ તા.૨૯–૧–૧૦ થી આપેલ પૂરક વિગતોમાં જણાવેલ છે કે બિલ્ડીંગના વસવાટની પરવાનગી આપવામાં આવે છે ત્યારે બિલ્ડીંગના નામ શહેર વિકાસ ખાતા મારફત નોંધેલ હોતા નથી. ફકત ટીપી સ્કીમ અને ફા.પ્લોટ મુજબ જ પરવાનગી આપવામાં આવે છે અને તે વિગતો અરજદારને આપેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી ઉપરોકત દર્શાવેલ ટેના નંબરવાળી મિલ્કતોના વ્યાજ તથા દંડકીય વ્યાજની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પડાયેલ ન હોઈ આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં દફતરી હકીકતલક્ષી માહિતી પૂરી પાડવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે. અરજદાર મુદ્દૃ નં.૨ અંગે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક પ્ર શ્ન અંગે લાગત જાહેર માહિતી અધિકારીને અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો કાયદાની કલમ–૨(જે) હેઠળ શહેર વિકાસને લગતી માહિતી બાબતે સબંધિત દફતરની તપાસણી જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી કરી શકે છે. જે અંગે લાગુ કિસ્સામાં અરજદારે કલમ–૭(૩) સાથે નિયમ–૫ (બી) હેઠળ ફી ભરપાઈ કરવાની રહેશે. અરજદાર પક્ષે તેવી માંગણી થયેથી અમલ કરવા ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનને જણાવવામાં આવે છે.

વધુમાં અરજદારે અપીલમાં કરેલ રજૂઆત "સામાવાળા પાસેથી ખર્ચ અપાવશો" તે અંગે આરટીઆઈ એકટની કલમ–૧૯(૮) હેઠળ સત્તા રાજય માહિતી આયોગ ગાંધીનગર ગુજરાતને છે. જેથી અત્રેથી તે અંગે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)..જાણ તથા અમલ માટે
(૨) શ્રી બચુભાઈ અંબેલાલ મોદી